જળસંપત્તિ વિભાગ (ન.જ.સ.પા.પૂ.ક વિભાગ) તા. ૦૮/૦૧/૨૦૧૮

## "શ્રેષ્ઠ સિંચાઈ યોજનાના શ્રેષ્ઠ નિભાવણી માટે (૫૦ વર્ષથી વધુ જુના) માટે જળસંપતિ વિભાગને એવોર્ડ"

CBIP દ્વારા જળસંપતિ વિભાગને સિંચાઈ યોજનાની શ્રેષ્ઠ નિભાવણી (CBIP Awards 2018 "Best Maintained Project/ Structure (Only Functional Structures Minimum Age 50 Years) category) માટે તા:03/૦૧/૨૦૧૮ ના રોજ વર્ષ ૨૦૧૮ માટેનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

જળસંપત્તિ વિભાગની દાહોદ જિલ્લાના સંપૂર્ણ આદિવાસી વિસ્તારમાં આવેલ પાટાડુંગરી મધ્યમ સિંચાઈ યોજના છે. આ યોજનાનો ૧૯૮.૭૩ મીટર લાંબો માટીબંધ , ૧૩૬.૫૦ મીટર લાંબી કોંક્રીટ વેસ્ટવીયર છે. અને ૧૪૫૦ મીલીયન ઘનફીટ સંગ્રહ શક્તિ ધરાવે છે જે થકી ૫૦૭૨ હેક્ટર વિસ્તારનો કમાન્ડ એરીયા છે અને ૩૦ ગામડાઓને લાભ મળે છે. તદ્ઉપરાંત, દાહોદ શહેરને પીવાના પાણી અર્થે ૧૫૦ મિલીયન ઘનફીટ પાણી પૂરું પાડવામાં આવે છે. આ યોજનાનું બાંધકામ વર્ષ ૧૯૫૭ માં કરવામાં આવેલ છે.

પર્વતીય પ્રદેશના પથરાળ વિસ્તારમાં નહેરોનું આયોજન કરવાથી નિભાવ ખર્ચ ઘટાડવામાં આવેલ છે. તેમજ જરૂરી નિભાવ સમયસર કરી ખર્ચ ઘટાડવામાં આવેલ છે. પાણીનું ઝમણ અટકાવવા માટે જિયોસિન્થેટીક (નવીન પ્રકારની પ્લાસ્ટિક શીટો)નો ઉપયોગ કરી પાણીનું ઝમણ ઘટાડી કાર્યક્ષમત્તા વધારવામા આવેલ છે.

તદઉપરાંત આદિવાસી વિસ્તારની છુટીછવાઇ વસતી ધરાવતા આઠ મોટા તળાવોનું નહેરોમાંથી આંતરજોડાણ કરી સિંચાઈ વ્યવસ્થા ઉન્નત અને સુદ્રઢ કરવામાં આવેલ છે. તદઉપરાંત, કડાણા બંધનું વધારાનું પાણી પાટાડુંગરી જળાશયમાં તબદીલ કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**આમ, પાટાડુંગરી યોજનાને ૫૦ વર્ષથી જુની યોજનાઓ માટેની શ્રેષ્ઠ નિભાવણી માટેનો એવોર્ડ આપવામાં આવેલ છે.**

(એસ.બી.પ્રજાપતી)
ખા.ફ.અશ્રી (સિં.યો)
જળ સંપત્તિ વિભાગ